હે મુરલીધર, દસ હજાર લાંઘી રાતે જુગારિયાઓ સાથે કડવમાં સમવા જાઉં છું. અર્જુનની જેમ મહો પણ આ ધર્મને હણનારાં તત્વો સામે લડવામાં સાથ આપજો પ્રભુ !

બાળ સાહિત્યના લેખકો માટે ઈનામની યોજના જાહેર

ગાંધીનગર, તા. ૯

બાલ સાહિત્ય અકાદમી દ્વારા બે ઈનામ એનાયત કરવા માટેની યોજના જાહેર કરવામાં આવી છે. (૧) ડૉ. નગીન મોટી વિજ્ઞાન લેખન પુરસ્કાર અને (૨) કેવન રશ્મિન- ક્રોફ બાળ સાહિત્ય પુસ્તક પુરસ્કાર. એક પુરસ્કાર બાળકો- કિશોરો માટે વિજ્ઞાનના કોઈપણ પ્રકારના પુસ્તક માટે છે.

બીજો બે વર્ષમાં પ્રકાશિત કોઈપણ પ્રકારના પુસ્તક માટે છે. આ માટે ૨૦૧૦-૧૧માં પ્રકાશિત નવા પુસ્તકો ધ્યાનમાં લેવામાં આવશે. આ માટે દરેક ઈનામ રૂા.૧૫૦૦૦ની ઓછી રકમનું નહિ હોય મોકલવા માટે બાલ સાહિત્ય અકાદમી, યશવંત મહેતા, ૪૩/એ, નારાયણનગર, સોસાયટી, પાલડી, અમદાવાદ. ખાતે ૩૦-૯-૨૦૧૨ સુધીમાં મળી જાય એ રીતે પહોંચતા કરવામાં જણાવવામાં આવે છે.

ચૌધરી કન્યા વિદ્યાલયનું ગૌરવ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના સેક્ટર-૭માં આવેલી જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય, નોન ગ્રાન્ટેડ વિભાગના વિદ્યાર્થીઓએ તાજેતરમાં ઓમ લેન્ડ માર્ક સ્કૂલ, ચિલોડા મુકામે જિલ્લાકક્ષાની રમત સ્પર્ધામાં ભાગ લઈ દોરડા કૂદ અને માર્શલ આર્ટ સ્પર્ધામાં વિજય હાંસલ કર્યો હતો.

જિલ્લાકક્ષાની દોરડા કૂદ સ્પર્ધામાં જે.એમ. ચૌધરી શાળાના હાર્દિક ઠાકોર, વિશ્વજીત બામલિયા અને કિશન બિહોલાએ પ્રથમ નંબર મેળવી રાજ્યકક્ષાની સ્પર્ધામાં પસંદગી મેળવી હતી. જિલ્લાકક્ષાની કરાટ માર્શલ આર્ટ સ્પર્ધામાં કિંજલ સરદારે પણ ગોલ્ડ મેડલ મેળવી રાજ્યકક્ષામાં રમવા માટે પસંદગી પ્રાપ્ત કરી કરી હતી.

શાળામાં જિલ્લા રોજગાર વિનિમય કચેરી ગાંધીનગરના પરિપત્ર અનુસાર કારકિર્દી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વક્તૃત્વ સ્પર્ધા અંતર્ગત પૂર્વી બારોટે પ્રથમ નંબર મેળવ્યો હતો. તે રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે. વિજેતા ખેલાડીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

સરકારી પ્રાથમિક શાળા સે-૨૪માં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં યોજાયેલા વૃક્ષારોપણ મહોત્સવ અંતર્ગત સરકારી પ્રાથમિક શાળા નં.૨, સે-૨૪માં વૃક્ષારોપણનો કાર્યક્રમ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો.

ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ અને સુપ્રસિધ્ધ સાહિત્યકાર દોલત ભટ્ટ, ગાંધીનગરના જાણીતા સામાજિક કાર્યકર ભરત કવિ, સેક્ટર-૨૪ના વરિષ્ઠ અગ્રણી ડી.એસ. ગાંધી, મ્યુનિસિપલ કોર્પોરેટર સુરેશ મહેતા, સંદીપ જયોતિકર, કનુભાઈ દરજી, ઉદયસિંહ રોહડિયા અને ઈન્ચાર્જ શાસનાધિકારી સી.એમ. જાદવની હાજરીમાં ગાંધીનગર સેક્ટર-૨૪ની સરકારી પ્રાથમિક શાળા નંબર-૨માં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આમંત્રિત મહેમાનો તથા શાળા પરિવાર દ્વારા આ પ્રસંગે ૫૦ જેટલા છોડવાઓ રોપવામાં આવ્યા હતા. શાળાના આચાર્યા હંસાબેન શુક્લ, સી.આર.સી. વિપુલભાઈ બારોટે આ પ્રસંગે બાળકોને વૃક્ષ ઉછેર કરવા અને તેની માવજત કરવા જણાવ્યું હતું.

અંબા સ્કૂલ ફોર એકસલન્સમાં મટકીફોડ કાર્યક્રમ ઉજવાયો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના અડાલજ ત્રિમંદિર પાસે આવેલી અંબા સ્કૂલ ફોર એકસલન્સમાં જન્માષ્ટમી પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓ સાથે શિક્ષકોએ ધાર્મિક પ્રવૃત્તિઓએ યોજ ભગવાન શ્રીકૃષ્ણના જન્મ પ્રસંગને આનંદોલ્લાસ સાથે મનાવ્યો હતો. શાળાના આચાર્યએ ભગવાન શ્રી કૃષ્ણની પૂજા અર્ચના સાથે કાર્યક્રમની શરૂઆત કરી હતી. શાળાની વિદ્યાર્થીનીઓએ આ પ્રસંગે શ્રી કૃષ્ણના ગીત રજૂ કરી મધુર વાતાવરણ સર્જયું હતું. જન્માષ્ટમીની ઉજવણી સંદર્ભે વિદ્યાર્થી ઝીલ પટેલે સુંદર રજૂઆત કરી હતી. આચાર્યએ વિદ્યાર્થીઓને આ પ્રસંગે આશીર્વચન પાઠવી પુષ્પવૃષ્ટિ અને ઢોલના નાદ સાથે મટકી ફોડ કાર્યક્રમ નિહાળ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું એન્કરીંગ શાળાના વિદ્યાર્થી ઋતુલ સંચાણીએ સફળ રીતે કર્યું હતું.

કીડ-ઝી પ્લે સ્કૂલ ખાતે કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો



ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના સેક્ટર-૮ ખાતે કાર્યરત કીડ-ઝી પ્લે સ્કૂલ ખાતે જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી તથા તે અંતર્ગત મટકી ફોડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્કૂલનાં નાનાં ભૂલકાઓએ કૃષ્ણ, બલરામ, નંદબાબા, યશોદા જેવી વિવિધ વેશભૂષાઓ પેરી સુંદર દ્રશ્યોનું સર્જન કર્યું હતું.

કાર્યક્રમની પૂજા કૃષ્ણ ભગવાનની પૂજા અને આરતીથી કરવામાં આવી હતી. કીડ-ઝીના ટીચર્સ દ્વારા શ્રીકૃષ્ણ ભગવાનની વાર્તા પણ કહેવામાં આવી હતી. વિવિધ કૃષ્ણ ગીતો અને ગરબા દ્વારા વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. ત્યારબાદ કીડ-ઝી પ્લે સ્કૂલના બાળકો તથા વાલીઓએ મટકી ફોડ કાર્યક્રમમાં ભાગ લઈ દહીં-હાંડી ફોડી હતી. શાળાના આચાર્યએ જન્માષ્ટમી નિમિત્તે સૌને શુભેચ્છાઓ પાઠવી હતી.

કારકીર્દી સપ્તાહમાં યોજાયેલ સ્પર્ધામાં આર.સી.પટેલ સ્કૂલ વિજેતા

ગાંધીનગર, તા.૯

કારકીર્દી સપ્તાહ અંતર્ગત આરાધના સ્કૂલ સેક્ટર-૨૮માં કયુ.ડી.સી. લેવલે સ્પર્ધા યોજાઈ તેમાં વક્તૃત્વ સ્પર્ધાં ઉપરોકત સ્કુલનો વિદ્યાર્થી સોહા પ્રતિપાલસિંહ અર્જુનસિંહ, નિબંધ સ્પર્ધામાં કંકર્પ દિલીપભાઈ મહેતા પ્રથમ નંબરે વિજેતા થયેલ છે. બંને વિદ્યાર્થીઓએ ખૂબ અભિનંદન આપવામાં આવે છે. આર.સી. પટેલ સેકન્ડરી સ્કૂલના આચાર્ય ચીનુભાઈએ અભિનંદન આપવામાં આવે છે.

સરસ્વતી વિદ્યાલયમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના સેકટર-૬માં આવેલી સરસ્વતી વિદ્યાલયમાં જન્માષ્ટમીના પાવન પર્વનિમિત્તે બાલ મંદિરથી બારમા ધોરણ સુધીના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો.

સરસ્વતી વિદ્યાલયમાં જન્માષ્ટમી નિમિત્તે નટખટ કનુડાના જુદા જુદા સ્વરૂપને, રાસ, ગરબા, મટકી ફોડ જેવા મનોરંજક કાર્યક્રમો દ્વારા અભિવ્યક્ત કરવામાં આવ્યું હતું. બાળકોએ પિરામીડ દ્વારા મટકી ફોડ કાર્યક્રમ હર્ષોલ્લાસપૂર્વક કર્યો હતો. શાળા પરિવારે ઇષ્ણી બર્થ ડે કેક દ્વારા જન્માષ્ટમી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી હતી.

જે. એમ. ચૌધરી કન્યા વિદ્યાલયમાં કારકિર્દી સપ્તાહ ઉજવાયું

ગાંધીનગર, તા. ૯

શ્રી જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં કારકિર્દી સપ્તાહની ઉજવણી યોજાઈ હતી. રોજગારી ક્ષેત્રે કમ્પ્યુટર જ્ઞાનનો ઉપયોગ અને પર્યાવરણ જાગૃતિ અને સંરક્ષણ વિષયો પર વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. ચૌધરા સ્કુલની બહેનોએ તમામ વિભાગમાં પ્રથમ વિજેતા બની જિલ્લા કક્ષાની સ્પર્ધા માટેનું ગૌરવ વધાર્યું હતું.

વક્તૃત્વ સ્પર્ધામાં પ્રયોશા જે. વાઘેલા અને નિબંધ સ્પર્ધામાં પ્રિયંકા પી. સચવારા, દિષ્ય કે. મકવાણા વિજેતા બન્યા હતા.

ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓએ ઈન્ડસ યુનિવર્સિટીની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૯

થલતેજ-શીલજ ખાતે આવેલી ઈન્ડસ યુનિવર્સિટીની કોન્સ્ટીટયુન્ટ ઈન્સ્ટીટયુટની મુલાકાત લઈ ઈન્ફોસીટી જુનીયર સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓએ એવિયેશન કોર્સીસ અને એરોનોટિક એંગેની શિબિરમાં હાજર રહી ભાગ લીધો હતો. શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ વિષયોની માહિતી મેળવી હતી. વિવિધ પ્રકારના વિમાનો, મશીનોની માહિતી પ્રત્યાનેર્ટ કરી હતી. ઈલેકટ્રીકલ ઈન્સ્ટ્રુમેન્ટ કિંક જીવનમાં ઉપયોગ વિશે માહિતી મેળવી હતી. બાળકોએ ઓવિયેશન વિશે માહિતી મેળવી હતી.

પ્રેરણા બાલમંદિરમાં ભૂલકાઓ દ્વારા જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા. ૯

પ્રેરણા વિદ્યાલયમાં ચાલતાં બાલમંદિરમાં નાના નાના ભૂલકાઓ જન્માષ્ટમી નિમિત્તે મટકી ફોડના કાર્યક્રમ યોજ્યો હતો.

અનિલિ વિશેષ તરીકે પેથાપુર પ્રાથમિક શાળાના નિવૃત્ત આચાર્યા નીરૂબેન બિહોલાએ હાજરી આપી હતી. નાના ભૂલકા રંગીન ડ્રેસ પહેરી સુંદર તૈયાર થયા હતા. વાલીઓ પણ નોંધપાત્ર હાજરી આપી હતી. કનુડા બની કાલીઘેલી ભાષામાં નંદઘેર આનંદ ભયોના અવાજથી કાનુડાને વધાવ્યો હતો. ત્યારબાદ માખણનો પ્રસાદ બાળકોને આપ્યો હતો.

આચાર્યા સ્વાતીબા રાઓલે નાના બાળકોને ગુલાલથી રંગીને પ્રોત્સાહિત કરેલ હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હીનાબેન ત્રિવેદી, મનીષાબેન ભટ્ટ, મધુબેન ઠાકોરે કરેલ હતું.

સંવેદન સ્પેશિયલ સ્કૂલ, સેક્ટર-૬ ખાતે 'સાધના' સંસ્થા અને બ્લુ બ્લડ એકેડેમીના સહયોગથી જન્માષ્ટમી નિમિત્તે મટકી ફોડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લેશ રાવલ અને સ્પેશિયલ એજ્યુકેટર ઉમેશ ચૌધરીના માર્ગદર્શનમાં માનસિક વિશિષ્ટ બાળકોએ ઉત્સાહથી આ ઉત્સવ ઉજવ્યો હતો. (તસવીર : કમલેશ શાહ)

એથલેટિક્સમાં બાલવા ગામનું ગૌરવ

ગાંધીનગર, તા. ૯

રાંધેજા વિભાગની એથલેટિક્સ સ્પર્ધાં રૂપાલ મુકામે યોજાઈ ગઈ.

આ એથલેટિક્સ સ્પર્ધામાં દોડ, લંગડી ફાળફૂદ, લાંબીકૂદ, ઊંચીકૂદ, બરછીફેંક, ગોળાફેંક, ચકફેંક, હથોડાફેંક જેવી વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં બાલવા શ્રી સ્વામીનારાયણ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ મેદાન માર્યું હતું. જેમાં અન્ડર-૧૬ પાયકામાં ચૌધરી અક્ષય બી-૧૦૦મી દોડ, લાંબીકૂદ, ઊંચીકૂદમાં પ્રથમ, ચૌધરી સાહિલ કે ૮૦૦ મી. દોડમાં પ્રથમ, ઠાકોર વિપુલબી. બરછીફેંકમાં પ્રથમ, ભાટી જયદીપ જે. ગોળાફેંક ચકફેંકમાં દ્વિતિય તેમજ અન્ડર-૧૭માં ચૌધરી અક્ષય બી લાંબીકૂદ, ઊંચીકૂદ,લંગડીફાળફૂદમાં પ્રથમ, ચૌધરી સાહિલ કે ૨૦૦મી દોડમાં દ્વિતિય, ભાટી જયદીપ જે. ચકફેંક, હથોડા ફેંકમાં પ્રથમ, ગોળાફેંકમાં તૃતિય, ઠાકોર વિપુલ વી. ૧૦૦મી. દોડમાં તૃતિય તેમજ અન્ડર-૧૯માં ગાંડલીયા અર્જુન ડી. ૮૦૦ મી. દોડમાં દ્વિતિય નંબર પ્રાપ્ત કરેલ છે.

આ તમામ ખેલાડી વિદ્યાર્થીઓએ ગામ તેમજ શાળાનું ગૌરવ વધારતા શાળાના ટ્રસ્ટી તેમજ આચાર્યએ વિદ્યાર્થીઓને અને વ્યાયમ શિક્ષકને અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ત્રિ-દિવસીય ટીચર્સ ટ્રેનિંગ

ગાંધીનગર, તા.૯

વિદ્યાર્થીઓની જીવન ઘડતરમાં મહત્વની ભૂમિકા ભજવનાર શિક્ષકો વધુ સારી રીતે નિભાવી શકે તે હેતુથી તા. ૪ ઓગસ્ટથી ૬ ઓગસ્ટ સુધી ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલ કેમ્પસમાં રસપ્રદ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષક મિત્રોને અનુભવ, જરૂરીયાત, ખાસીયત અને ખામીઓ જેવે વિભિન્ન પાસાઓને ધ્યાનમાં રાખીને આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૪થી ઓગસ્ટના રાઘવ જી. માધવ, હરેશભાઈ ચૌધરી, કે જેઓ મૂળભુત શિક્ષક ઉત્તમ સાહિત્યકારના ટ્રેઈનર છે. શિક્ષકમિત્રોને ખૂબ જ રસપ્રદ રીતે સમજાવ્યા. પાઠયપુસ્તકોના નિર્માણમાં તેમનો સક્રિય ફાળા વિશે સમજણ આપી હતી.

તા. ૫ અને ૬ ઓગસ્ટ ડૉ. સુનિત વ્યાસ જેઓ ઘણા વર્ષોથી શિક્ષણ જગત સાથે સંકળાયેલ અને ટ્રેઈનર છે.

વિવિધ મનોવૈજ્ઞાનિક, તાર્કિક વૈચારિક પ્રક્રિયામાંથી પસાર થયા બાદ બાળકના સર્વાંગી વિકાસમાં શિક્ષકનો ફાળો તેમનો ભાગ કેવી રીતે ભજવી શકે. તે આ કાર્યક્રમની ફળશ્રુતિ રહી.

સુથાર સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા. ૯

ગુજરાત સુથાર સમાજના રાજ્ય એકમના પ્રમુખ ઠાકોર મિસ્ત્રી એક યાદીમાં જણાવે છે કે, મેવાડા, ગજજર, વેશ્ય અને પંચોળી જ્ઞાતિજનો કે જેઓ સમાજના સભાસદો છે. તેઓએ તેમના બાળકો સને ૨૦૧૨માં ઉર્તીણ થયા હોય તેઓને પરિણામની ઝેરાત નકલ સાથે સભાસદ નંબર, નામ, સરનામુ અને ટેલીફોન નંબરની વિગત સહ સમાજની કાર્યાલયમાં ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૨ સુધીમાં મંત્રી ચંદ્રકાન્ત મિસ્ત્રી, ગુજરાત સુથાર સમાજ મરીમાતાનો ખાંચો, સુરસાગર સામે દાંડિયા બજાર વડોદરા મોકલી આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

સ્વામી વિવેકાનંદ વક્તૃત્વ સ્પર્ધામાં શ્રીમતી આર.સી.પટેલ સ્કુલનો ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા. ૯

સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે આયોજિત વક્તૃત્વ સ્પર્ધામાં આર.સી.પટેલ શાળાના વિદ્યાર્થીઓને દેખાવ ઉત્કૃષ્ટ રહ્યા છે. પ્રથમ ત્રણેય નંબરે આર.સી.પટેલ શાળાના વિદ્યાર્થીઓને ફાળે જાય છે. પ્રથમ નંબરે ઝોફ લિપ્સા, બીજા નંબરે વાળંદ નિધતિ, ત્રીજા નંબરે આચાર્ય સિદ્ધિ આવેલ છે. તમામ સ્પર્ધકોને તૈયાર કરવામાં શિક્ષિકા શીતલબેન પટેલે મહેનત કરી હતી.

એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં જન્માષ્ટમી પર્વ ઉજવાયું

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના સેકટર-૨ ઉમાં આવેલી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ગતરોજ જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાની વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં જન્માષ્ટમી પર્વ નિમિત્તે રાસ, ગરબા, નૃત્ય, નાટક તથા શ્રીકૃષ્ણ જન્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૧ થી પની વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વર્ષાબેન પટેલે કર્યું હતું. ભાગ લેનાર વિદ્યાર્થિનીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

પરમાત્મા બધા જીવોના કર્મોને જાણે છે અને તેના અનુરૂપ ફળ પ્રદાન કરનાર છે

શિવ મહિમ્ન સ્તોત્રમ્‌ના સત્સંગ દરમ્યાન પૂ. ગુરૂમાએ કહ્યું કે, કર્મ સ્વયં જડ હોવાથી ફળ આપી શકે નહિ, અને કર્મનું દૈશ્ય-અદૈશ્ય ફળ એટલે કે, અપૂર્વ પણ જડ હોવાથી ફળ આપી શકે નહિ. ફળ પ્રદાન કરનાર ચેતન એટલે કે, પરમાત્મા જ આપી શકે. તે બધા જીવોના કર્મોને જાણે છે અને તેના અનુરૂપ ફળ પ્રદાન કરનાર છે. માટે કર્મ કરતા કરતા ભગવાનને યાદ રાખી કર્મ કરવા જોઈએ. બધુ જ ભગવાનની શક્તિથી થાય છે. ભગવાનમાં દંઢ શ્રદ્ધા સાથે કર્મફળ દાતા ઈશ્વરનો સ્વિકાર કરવો જોઈએ. દક્ષ પ્રજાપતિએ શિવજી સિવાય યજ્ઞ વિધ્ય કરવા પ્રયત્ન કર્યો. શાસ્ત્રોમાં (૧) ક્રોણ કર્મનો અધિકારી છે અને ક્રોણ બ્રહ્મવિદ્યાનો અધિકારી છે તે દર્શાવેલ છે.

કર્મનું અધિકારીત્વ -(૧) જે વ્યક્તિ કર્મફળની અપેક્ષા રાખે છે. અર્થી છે. (૨) જે કર્મ કરવા માટે શાસ્ત્રની વિધિ -આચારને જાણે છે કુશળ છે દક્ષ છે. (૩) જે બ્રાહ્મણ છે દ્વિજ છે અને તેનુ જેને ભાન છે. (૪) અને જે બુદ્ધિશાળી છે.

દક્ષ પ્રજાપતિએ કર્મ ક્રિયાઓમાં કુશળ છે યજ્ઞ દ્વારા ફળ પ્રાપ્ત કરવા માગે છે. અર્થી છે. જે સર્વ ભૂતોના યજમાન છે. શરીરધારીઓના અધિષ્ઠાતા અધિકારી રૂપે છે. સ્વામી છે. યજ્ઞમાં ઋષિઓ અને દેવગણ બિરાજમાન હતા. શિવજીનું અપમાન કરવા માટે આ યજ્ઞ કરવામાં આવેલ હતો.

દક્ષાની સભામાં એક વખત દક્ષના આગમન વખતે બ્રહ્માજી અને શિવજી ઉભા ન થયા. બ્રહ્માજી પિતાતુલ્ય છે એમ માની લક્ષ્ય ન આપ્યું. પરંતુ શિવજી ઉભા ન થયા. દક્ષ આવ્યાને જોઈ નહિ હોય કે શિવજીને તે જરૂરી નહિ લાગ્યું હોય . દક્ષ તરત જ શિવજી પાસે ગયા અને ગમેતેમ બોલવા લાગ્યા. ગુસ્સે થયા અનર્થ રૂપ બોલવા લાગ્યા. અપશબ્દ અને અપમાન કરવા લાગ્યા. શિવજી કોઈ પ્રતિભાવ આપ્યા સિવાય સભામાંથી બહાર નીકળી જાય છે. ત્યારે ભૃહુ ઋષિ, ભુગુ દેવતા, કુશા વિગેરે દક્ષને અનુમોદન આપતા હતા. શિવજી શાન્ત, ધીર-ગંભીર ભાવે સભામાંથી વિદાય લે છે અને તેમણે માન-અપમાનને લક્ષ્યમાં લીધું નહિ. ઉદાસીન ભાવે વિદાય થયા. આ રીતે શિવજી જીવોને પણ ઉપદેશ આપે છે કે વ્યવહારમાં શાંત રહેવું તો બીજાને ગુસ્સો વધારે ન આવે. દક્ષને વધારે ગુસ્સો અને દ્વેષ ભરાઈ ગયો આવા મનથી શિવજીનું અપમાન કરવા યજ્ઞ શરૂ કર્યો અને શિવજી અને સતીને આમંત્રણ આપ્યું નહિ.

સતીને જાણવા મળ્યું કે, તેમના પિતા દક્ષ યજ્ઞ કરી રહ્યા છે અને બધા ત્યાં જાય છે ત્યારે સતીએ શિવજીને વાત કરી યજ્ઞમાં જવા વિનંતી કરી શિવજી ના પાડે છે. આથી સતી એકલા જાય છે. ત્યાં માતા-ભાઈ, બહેન કોઈ બોલતું નથી. શિવજી માટે યજ્ઞનો ભાગ કે સ્થાન પણ ન જોવા મળતાં કોધિત થઈ યોગાગ્નિમાં પોતાની આહુતી આપી દે છે. શિવજી આ સમાચાર મળતાં સદન ન થતાં અત્યંત ક્રોધિત થયા અને જટાની એક લટમાંથી વિરભદ્રની ઉત્પત્તિ કરી વિરભદ્રને યજ્ઞમાં મોકલી યજ્ઞનો નાશ કર્યો. યજ્ઞના કર્તાનો દક્ષનો નાશ કર્યો.

પુષ્પદંતજી કહે છે કે, યજ્ઞમાં ઋષિગણ અને દેવગણ હતા તો પણ આ યજ્ઞનો નાશ કેવી રીતે થયો. પ્રભુ આપના થકી થયો. પ્રભુ આપને બે વ્યસન છે. (૧) જ્યાં જગતમાં બધ પ્રાપ્ત થાય ત્યાં તેને દૂર કરવાનું વ્યસન છે. (૨) અને આપનો કર્મના ફળને પ્રદાન કરવાનું વ્યસન ધરાવો છો.

છતાં, આપે યજ્ઞના કર્તા, કર્મ અને કર્મફળનો નાશ કરી દીધો.

-દક્ષએ પ્રભુમાં શ્રદ્ધા ન રાખી અને અપમાન ના આશયથી કર્મ કર્યુ તેથી આમ થયું.

શ્રીકૃષ્ણએ પણ શિશુપાલને સુધારવા અવસર આપ્યો તે સુધ્યોં નહિ તેથી તેનો વધ થયો.

જ્યારે જ્યારે અધર્મનો રાક્ષસ વિનાશ કરે ત્યારે તેના નાશમાં પણ પ્રભુનો કલ્યાણનો જ આશય હોય છે. તે શરીરથી વધારે પાપ ન કરે તેના માટે નષ્ટ કરવામાં આવે છે.

દક્ષ પણ કર્મફળ દાતાનો અનાદર કરી કર્મ સફળતા પૂર્વક કરી શકતા નથી. માટે કર્મમાં ખોટું અભિમાન કરવું નહિ. મારું સામર્થ્ય પણ પ્રભુનું આપેલ જ છે. હું મારા સામર્થ્યથી બધું કરી લઈશ એવો ગર્વ કરવો નહિ. ઈશ્વરમાં પરમ શ્રદ્ધા રાખી, નિમિત્ત ભાવથી કર્મ કરો. જે કંઈ મને પ્રાપ્ત થાય છે તેનો દેનારો પ્રભુ જ છે. સત્કર્મ વખતે પ્રભુ હાજર થઈ જાય છે. યજ્ઞ થતો હોય ત્યાં પ્રભુ હાજર હોય છે. સત્કર્મ કદાપી નિષ્ફળ જતું નથી.

દુષ્ટકર્મના દંડદાતા પણ છે. શાસન કરનાર બંને કરે તો જ ન્યાયી કહેવાય. શાસકનો આ ધર્મ છે.

લગોલગ, રોમેરોમમાં શ્રદ્ધાથી પ્રભુ મારી સાથે જ છે તે કર્માધ્યક્ષ કર્મફળ દાતા છે. તેવા દંઢ ભરોસા સાથે જીવનમાં કર્મ કરવાના હોય. દક્ષની જેમ જગતમાં કોઈ ગરબડ કરે તો દંડ આપવામાં પાછા પડતા નથી માટે અધર્મથી બચતા રહેવું. પ્રભુથી કંઈ છુપાવી શકાતું નથી. પોતાના અંતર્યામીથી કશું જ અજાણ નથી. માટે સત્કર્મ કરતા રહેવું. આશ્રદ્ધાથી જે યજ્ઞ. આહુતિ દાન-દક્ષિણા કરવામાં આવે તેનું અહીં પણ ફળ મળતું નથી અને ઉપર પણ મળતું નથી.

શ્લોક-૨૨

ભગવાન સ્વયં ધર્મનું પાલન કરે છે. અધર્મીઓ પ્રત્યે દંડનું પ્રાકૃત સમાન છે.

બ્રહ્માજી પોતાની પુત્રી પાછળ આસકત થઈ દોડ્યા તો શિવજીએ બાણ મારી દીધું. આ કથા સ્પષ્ટ રીતે સમજવી જોઈએ.

બ્રહ્માજીને સૃષ્ટિ કરવાનું કાર્ય કરવાનું હોવાથી કેવી રીતે સૃષ્ટિની ઉત્પત્તિ કરવી તેનો વિચાર કરતાં રૂદ્રને કહ્યું કે, આપ સૃષ્ટિ ઉત્પન્ન કરો તો તેમણે ભૂતપ્રેતોની ઉત્પત્તિ કરી. તેમને અટકાવી સ્વયં અા કાર્યમાં લાગ્યા. પ્રથમ તેમણે સાત ઋષિઓ અને ચાર કુમારોની ઉત્પત્તિ કરી. બ્રહ્માજીએ બધા ઋષિઓને પ્રવૃત્તિ લક્ષણ ધર્મનો અને સનત્કુમારોને નિવૃત્તિ લક્ષણનો ઉપદેશ આપ્યો.

શ્રી કૃષ્ણએ ભગવદ ગીતામાં બે પ્રકારની નિષ્ઠા દર્શાવે છે. (૧) કર્મયોગ નિષ્ઠા (૨) જ્ઞાનયોગ નિષ્ઠા.

પ્રવૃત્તિલક્ષણ ધર્મ એટલે કે, કર્મ કરતાં કરતાં વૈરાગ્ય આવે તો નિવૃત્તિ લક્ષણ ધર્મ એટલે કે જ્ઞાનયોગ નિષ્ઠા.

બ્રહ્માજીએ સૃષ્ટિને આગળ વધારવા હવે શું કરવું તેનો વિચાર કરતાં મનુ અને સતરૂપોને ઉત્પન્ન કર્યા. તેમની કન્યાઓ ઉત્પન્ન થઈ આ સમયે પૃથ્વી ડુબેલી હતી. તેથી આ બધા જન્મોકમાં હતા. પૃથ્વી ડુબેલી હોવાથી સમયનો કાળનો ખ્યાલ આવતો ન હતો. પરિણામે મનુ ભગવાને તપસ્યા કરી તો ભગવાન વિષ્ણુના વરાહ અવતારે પૃથ્વીનો ઉધ્ધાર કર્યો. દિવસ-રાત સંધ્યાકાલ વિગેરેની ઉત્પત્તિ થઈ આજ સંધ્યાદેવી તરીકે ઉત્પન્ન થઈ માટે સવાર-સાંજનો સમય અનુપમ સૌદર્યવાળો આદાકાલ લાગે છે. આ બધું બ્રહ્માજીએ ઉત્પન્ન કર્યું.

હજુ સર્જન કાર્ય ઉત્પન્ન થતુ ન હતું તેની ચિંતામાં બ્રહ્માજી અવું ઈચ્છતા હતા કે બધા ઉત્પન્ન થયેલ કામમાં લાગી જાય તેમ માની તેમણે કામદેવને ઉત્પન્ન કર્યા ત્યારે બ્રહ્માજીએ કામદેવને કહ્યું કે, આપનો સર્વત્ર હૃદયમાં વાસ હશે. સંમોહન-શોભન વિગેરે પાંચ બાળથી તમારું કામ થશે. બ્રહ્માંડમાં સર્વત્ર સ્વર્ગ, ભૂમિ અને અંતરિક્ષમાં તમારું કાર્ય સફળ થશે.

આજે પણ શિવજીનું ભાણ બ્રહ્માજીને છોડતું નથી. માગંશિર્ષ નક્ષત્ર પાછળ આદ્રા નક્ષત્ર જતું હોય છે. બ્રહ્માજીનું આ પ્રમાણે કામશકત થવાનું કારણ કામદેવ હતા. તે સ્પષ્ટ સમજવું જોઈએ. બ્રહ્માજી શ્રેષ્ઠ છે તેમનું આચરણ બધા કરે તેવું શિવજી ઈચ્છે છે. માટે નાની ભૂલ પણ ન કરે જરૂરી છે. શ્રેષ્ઠ વ્યક્તિની નાની ભૂલની પણ નોંધ લેવાય છે.